આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કર્ક

આજના ગ્રહોની કુંડળી



આજે ચાંડાલ યોગ છે. આજે મંગળ તુલા રાશિમાંથી વૃશ્ચિક રાશિમાં પ્રવેશ કરે છે. જેથી શનિ મંગળની યુતિ થાય છે.

મેષ શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે. આજે મંગળ આઠમે આવે છે - મંગળ અંશાત્મક પ્રબળ બનશે ત્યારે શનિની પનોતીની આડઅસરો ઓછી થશે. તંદુરસ્તી જળવાઈ રહે તે રીતે કાર્ય કરવાં.

વૃષભ સાતમે શનિ મંગળની યુતિ તમારા આગામી દિવસોમાં તમારી પ્રગતિકારક રચના કરાવશે. સ્વગૃહી મંગળ તમોને અચાનક રાજકારણમાં લઈ જશે. આવેલ તક ઝડપી લેશો તો પ્રગતિ થશે.

મિથુન બીજે સ્વગૃહી ચંદ્ર ને છઠ્ઠે શનિ મંગળની યુતિના કારણે તમો શત્રુ વિજય યોગમાંથી પસાર થઈ રહ્યા છો. પ્રગતિ સારી થશે. આર્થિક લાભ મળે - કૌટુંબિક સંવાદિતા જળવાઈ રહે.

કર્ક સ્વગૃહી ચંદ્ર તેમજ સાતમે બુધ - શુક્રની યુતિ તમારી લોકપ્રિયતામાં અનહદ વધારો કરે. ફિલ્મ અભિનેતા જેટલી તમારી લોકપ્રિયતા અને ખ્યાતિ વધારો થાય તેવી ગ્રહોની સ્થિતિ છે.

સિંહ શનિની અઢી વર્ષની પનોતી ચાલુ છે. રાશિમાં ચાંડાલ યોગ છે તેમજ મંગળ ચોથા સ્થાનમાં પ્રવેશે છે. જે તમારા માટે અશુભ કર્તા છે - પત્ની સાથે મતભેદ - તબિયત સાચવવી.

કન્યા બારમે રાહુ - ત્રીજે શનિ મંગળ - છઠ્ઠે સૂર્ય - તમારા દ્વારા અચાનક લેવાયેલ નિર્ણયની સમીક્ષા કરશો તો ભૂલ થઈ ગયેલ છે તેમ જણાશે - ભૂલ સુધારી લેવી હિતાવહ છે.

તુલા શનિની પ્રારંભિક તબક્કામાં સાડાસાતી શરૂ થયેલ છે. બીજે શનિની સામે મંગળની યુતિ થતાં તમારા રોજિંદા જીવનમાં તોફાન સર્જાવાની ભીતિ છે - ઈષ્ટદેવની ભક્તિથી આપનારી પીડામાં રાહત રહે.

વૃશ્ચિક શનિની સાડાસાતી પનોતી ચાલુ છે. રાશિમાં મંગળ પ્રવેશે છે જે રાશિપતિ હોવાથી ઉત્તમ છે - અંશાત્મક પ્રબળ બનશે ત્યારે શનિની પનોતીની આડઅસરો દૂર થઈ જશે.

ધન શનિની સાડાસાતી પનોતી ચાલુ છે. બારમે મંગળ - શનિની યુતિ અણધાર્યા ખર્ચા લાવશે. કોર્ટ - કચેરીના ખર્ચા ના આવે તે જોવું - ક્રોધ - ગુસ્સાના આવેશને કાબૂમાં રાખશો.

મકર અગિયારમે મંગળ સ્વગૃહી બનતાં અને શનિની રાશિપતિ હોવાને નાતે રાશિ પર દ્રષ્ટિ તેમજ બુધ શુક્રની યુતિ રાશિમાં તેમજ સાતમે ચંદ્ર સ્વગૃહી જેવો ઉત્તમ યોગ જીવનમાં ક્યારેક જ આવે છે. સોનેરી દિવસ છે.

કુંભ દસમે મંગળ સ્વગૃહી બનતા અને રાશિપતિ સાથે યુતિમાં જોડાતાં તમારો ઝડપી ઉદય નિશ્ચિત છે. લોકભાગીદારીના સાતમા સ્થાનમાં ગુરુ તેમજ સૂર્યની દ્રષ્ટિ તમારો ઉદય જેટ ઝડપે કરશે તે નિશ્ચિત છે.

મીન બારમે સૂર્ય - કેતુની યુતિ તમોને શેર સટ્ટામાં નુકસાન કરાવે તેવા યોગ છે. વ્યસનથી દૂર રહેશો તો તંદુરસ્તી જળવાઈ રહેશે નહીં તો માંદગી પાછળ તમારાં બચત કરેલ નાણાં વપરાઈ જશે.

આંદોલન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોહતકમાં ગોઠવી દેવામાં આવી હતી. દેખાવકારોએ દિલ્હી-અંબાલા રેલવે રુટને રોકવાના પ્રયાસ કર્યા હતા. અમૃતસર અને પઠાણકોટ વચ્ચે ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. જમ્મુ કાશ્મીરમાં જમ્મુ, હિમાચલમાં ઉના અને ચંદીગઢની ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. હરિયાણામાં જાટ સમુદાય દ્વારા કરવામાં આવેલી રહેલા આંદોલને એકાએક ગરમી પકડી લેતા ગુરુવારે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં રોહતકમાં દેખાવકારો અને પોલીસ જવાનો વચ્ચે અથડામણ થઈ હતી. રાજ્ય સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સર્વિસના ઉપયોગને રોકી દેવાની જાહેરાત કરી હતી. બીજી બાજુ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે જાટ સમુદાયની માંગણી ઉપર ચર્ચા કરવા તરત જ સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. પ્રતિબંધાત્મક આદેશો પણ જારી કરવામાં આવ્યા છે. આંદોલન ખતમ કરવા માટે ખટ્ટરે માંગણી કરી હતી. દેખાવને લઈને સરકારે કમિટિની રચના કરી દીધી છે. સરકારી સંપત્તિને નુકસાન ન પહોંચાડવાની અપીલ પણ કરી છે. દરમિયાનમાં સમુદાય અને સરકાર વચ્ચે વાતચીત ફ્લોપ રહ્યા બાદ જાટ આંદોલન રાજ્યના અન્ય

વિસ્તારોમાં ફેલાઈ જતાં જનજીવન ખોરવાઈ ગયું હતું. સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઓબીસી વર્ગને અનામતની માંગણીને લઈને ચાલી રહેલા જાટ સમુદાયના પ્રદર્શનને જોઈને રોહતક જિલ્લામાં ઈન્ટરનેટ અને મોબાઈલ સેવા અચોક્કસ સુધી બંધ કરી દેવામાં આવી છે. નવી રચવામાં આવેલી કમિટિ ૩૧મી માર્ચ સુધી અહેવાલ આપશે. દરમિયાન રોહતકમાં અનામતને લઈને જાટ આંદોલન વધુ તીવ્ર બન્યું હતું. હિંસક અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ૧૫ લોકો ઘાયલ થયા છે. કોલેજના વિદ્યાર્થીઓ સહિત પાંચ હજારથી વધુ યુવાનો તોડફોડ ઉપર ઉતરી આવ્યા હતા અને તોડફોડ શરૂ થઈ હતી. ઘણી જગ્યાઓએ વાહનોને આગ ચાંપવામાં આવી હતી. પોલીસે ઘણી જગ્યાએ લાઠીચાર્જ કર્યા હતા.

સાત સમિતિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમ બેઠક બોલાવવામાં આવાતા રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. સામાન્યતઃ અપીલ સમિતિના ચેરમેન તરીકે જિલ્લા પંચાયતના પ્રમુખ જ હોય છે જે ચેરમેનપદ તેમને હોદ્દાની રૂએ પ્રાપ્ત થતુ હોય છે. પરંતુ આ બેઠક કેમ બોલાવાઈ તેને લઈ અટકળોનો દોર શરૂ થયો છે.

જિલ્લા પંચાયતની બે મહત્વની સમિતિઓ કારોબારી અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની નિયુક્તી ગઈકાલે જ સંપન્ન થઈ છે. હવે બે તબક્કામાં બીજી સમિતિઓની રચના પૂર્ણ કરી દેવામાં આવશે. સમિતિઓની રચના પૂર્ણ થયા બાદ પંચાયત ધમધમતી થશે તેમ મનાઈ રહ્યું છે.

આ સમિતિઓની રચના વખતે પણ જિલ્લાના નિરીક્ષકો મેન્ડેટ સાથે આવશે અને નિયુક્તી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી હાજર રહેશે તેમ જાણવા મળેલ છે.

ભાજપનું પ્રદેશ પ્રમુખનું પદ એ વિક્રમાદિત્યનું સિંહાસન છે : રૂપાણી

ગાંધીનગર, તા. ૧૯

ભાજપ પ્રદેશ અધ્યક્ષનું સ્થાન એ વિક્રમાદિત્યનું સિંહાસન હોવાનું જણાવીને નવનિયુક્ત પ્રદેશ ભાજપ

અધ્યક્ષ વિજયભાઈ રૂપાણીએ આગામી સમયમાં એક કરોડ કાર્યકર્તાઓના સાથ અને સહકારથી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીઓમાં ભવ્યાતિભવ્ય વિજય ભાજપ હાંસલ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવ્યા બાદ એક કાર્યકર્તા સંમેલનને સંબોધતા નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે બીજી પાર્ટીમાં પરિવારવાદ ચાલતો હોય છે. જ્યારે ભાજપમાં માત્ર કાર્યકરનો વિચાર થતો હોય છે. મારા જેવા સામાન્ય કાર્યકરને આજે પ્રદેશ અધ્યક્ષની જવાબદારી સોંપીને પક્ષે નાનામાં નાના કાર્યકરોનું સન્માન કર્યું છે. એક નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષનું પદ એ વિક્રમાદિત્યનું સિંહાસન છે એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ભાજપના સંગઠનની રચના અને વ્યવસ્થા જ એવી છે કે જે એક અનેરૂ ચાલકબળ પુરૂ પાડે છે. આ પદ નહી દાયિત્વ છે સન્માન નહી પડકાર છે. ગુજરાતના એક કરોડ કાર્યકર્તાઓ પ્રામાણિક છે. મૂલ્યનિષ્ઠ છે અને પાર્ટી માટે પ્રાણ ન્યોછાવર કરવાની ભાવનાસભર હોવાનું જણાવીને કાર્યકરોને તેમણે બીરદાવ્યા હતા.

પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ અયોધ્યામાં રામ યુવાનો કો કામ કિસાનો કો દામ મહંગાઈ પે લગામના સૂત્રને ચરિતાર્થ કરવા સૌને સહિયારો પુરૂષાર્થ કરવા હાંકલ કરી હતી.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે વિજયભાઈના નામ જ વિજય છે. તેઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં વિજય હાંસલ કર્યો છે. સરકાર અને સંગઠન વચ્ચે સંતુલન જાળવવાનું કાર્ય રૂપાણી સારી રીતે કરશે તેવો આત્મવિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ઢોલ-નગારા-શરણાઈઓના સૂર સાથે રૂપાણીની વરણીને વધાવી લેવાઈ

પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે વિજયભાઈ રૂપાણીની વરણી કરવામાં આવી હોવાની જાહેરાત કરતા જ પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમની બહાર એકત્રીત ભાજપાના કાર્યકરો અને સમર્થકોએ ઢોલ-નગારાના તાલે ઝુમી રૂપાણીની વરણીને વધાવી આનંદોત્સવ મનાવ્યો હતો. આજે પ્રદેશ ભાજપના અધ્યક્ષની ચૂંટણી યોજાઈ હતી. તે સમયે ભાજપ કાર્યાલય ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને રૂપાણીના સમર્થકો ઉમટ્યા હતા. અને વંદેમાનતરમ્‌ના નારાઓ સાથે કાર્યકરોએ સમગ્ર વાતાવરણને કેસરીયુ બનાવી દીધુ હતુ.

પ્રદેશ પ્રમુખ તરીકે વિજય રૂપાણીની વરણી કરવામાં આવી હોવાની જાહેરાત થતાં જ ઉપસ્થિત કાર્યકરો અને સમર્થકોએ ઢોલ નગારાના તાલે ઝુમી અબીલ ગુલાલ ઉડાડી રૂપાણીના વરણીને વધાવી લીધી હતી અને એક બીજાને મીઠાઈઓ ખવડાવી શુભેચ્છાઓની આપલે કરી હતી. કાર્યકરો અને સમર્થકોએ પુષ્પગુચ્છ આપીને વિજય રૂપાણીને શુભેચ્છાઓ પાઠવી હતી.

આજે નિત્યાનંદ ત્રયોદશી મહોત્સવની ઉજવણી થશે

અમદાવાદ, તા.૧૯

હરે કૃષ્ણ મંદિર, ભાડજ તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૬ને શનિવારના રોજ નિત્યાનંદ ત્રયોદશી મહોત્સવની ઉજવણી કરી રહ્યું છે. જે પ્રભુ નિત્યાનંદના અવતરણનો પવિત્ર દિવસ છે જેઓ સાક્ષાત ભગવાન બલરામનો અવતાર અને ચૈતન્ય મહાપ્રભુના મુખ્ય સહયોગી છે. ભગવાન નિત્યાનંદ નિતાઈ તરીકે પણ ઓળખાય છે જેઓ પશ્ચિમ બંગાળના એકચક્ર ગામમાં પ્રગટ થયા હતા. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ખુબ જ અલૌકિક રીતે શણગારેલ નિતાઈ ગૌરાંગની પ્રતિમાની સાંજે પાલકી નિકાળવામાં આવશે જેમાં સૌ ભક્તો જોડાશે અને ઉલ્લાસપૂર્વક હરીનામ સંકિર્થન કરશે. ભગવાનને પવિત્ર નદીઓમાંથી એકત્રિત કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરાવવામાં આવશે. ત્યાર બાદ નિત્યાનંદ પ્રભુની કિર્તીનું મહતા દર્શાવતી આરતી સુંદર રીતે કરવામાં આવશે. ૧૦૮ પ્રકારના વિવિધ પકવાનનો ભોગ ભગવાનને અર્પણ કરવામાં આવશે.

પાણી મેળવવા સરકારને વર્ષે રૂપિયા ૬૦ કરોડ ચુકવાય છે

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરને નર્મદાનું પાણી મળી રહે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે રૂપિયા ૬૦ કરોડની ચુકવણી કરવામાં આવી રહી છે. બીજી તરફ અમદાવાદ શહેરમાં આજની પરિસ્થિતિમાં પણ વિવિધ ઝોન અને તેના વિસ્તારોમાં ટેન્કરથી પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ, મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા પાણી મેળવવા માટે રાજય સરકારને પ્રતિમાસ રૂપિયા પાંચ કરોડ અને વર્ષે રૂપિયા ૬૦ કરોડ જેટલી માતબર રકમ ચુકવવામાં આવી રહી છે. બીજી તરફ આજે પણ શહેરના ઘણા વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવું પડી રહ્યું છે. સૌથી વધુ પાણીની સમસ્યા શહેરના દક્ષિણ ઝોનમાં સર્જાતી હોય છે. આ ઝોનમાં વર્ષ ૨૦૧૫-૧૬માં ટેન્કરોદ્વારા પાણી તરસ્યા વિસ્તારો સુધી પાણી પહોંચાડવા માટે ટેન્કર કોન્ટ્રાક્ટરોને રૂપિયા ૬૫.૩૩ લાખની રકમ ચુકવવામાં આવી હતી. આ ઉપરાંત નવા પશ્ચિમઝોનમાં વર્તમાન વર્ષમાં ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવા પાછળ રૂપિયા ૩૮.૧૨ લાખની રકમનો ખર્ચ કરવો પડ્યો છે. ઉત્તરઝોનમાં રૂપિયા ૩૨.૬૨ લાખની રકમ ચુકવવામાં આવી છે. પશ્ચિમઝોનમાં રૂપિયા ૧૭.૪૨ લાખ તેમજ પૂર્વ ઝોનમાં રૂપિયા ૨૩.૮૪ લાખની રકમ ટેન્કર કોન્ટ્રાક્ટરોને ચુકવવામાં આવી છે.

ન્યુ રાણીપ જીએસટી રેલવે ક્રોસિંગ નજીક પાટીદાર સમાજની પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેરોલ ગામે મિત્ર એ મિત્રના પિતા પર છરી વડે હુમલો કરતા સામ સામે પોલીસ ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામમાં પોતાના દિકરાને પોતાની સાથે ન બેસાડવાનું કહેવા જતા છરી વડે હુમલો કરતાં બંને પક્ષકારોએ સામસામી ફરિયાદ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને નોંધાવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનની પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ ગામના વતની દિનેશભાઈ દલાભાઈ ચેનવા બુધવાર સાંજે પોતાના ઘરે હતા અને સાંજે તેમનો દિકરો પિયુષ ઘરે ન હોય તેને બોલાવવા ગયા હતા. સાંજના છ વાગ્યાના સુમારે દેરોલ ગામના જ રસુલભાઈ જમાલભાઈ મન્સુરીનો દિકરો રીયાઝ જે ભણતો નથી અને રખડતો રહેતો હોય અને દિનેશભાઈના દિકરાને પણ સાથે લઈ ફરતો હતો જેથી સાંજના બંને જણા સ્કુલમાં હોઈ બોલાવવા જતાં અને રીયાઝને ઠપકો આપ્યો હતો કે તું ભણતો નથી અને પિયુષ ધો-૧૦માં અભ્યાસ કરે છે તેને ભણવા દે તેને લઈ શું કામ ફરે છે. જેથી રીયાઝ એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેવા લાગેલ કે હું તમારા દિકરાને સાથે લઈ ફરતો નથી એન ગાળો બોલવા લાગેલ અને ખેંચતાણ કરી તેની પાસેની છરી દિનેશભાઈને મારવા માટે આવતા દિનેશભાઈએ છરી પકડી લેતા છરીની અણી દિનેશભાઈની જમણી આંખની નીચે નાકની પાસે વાગી હતી અને તે સમયે રીયાઝના પિતા રસુલભાઈ તથા માસી જરીનાબેન તથા યાકુબભાઈ જમાલભાઈ મન્સુરી રીયાઝનું ઉપરાણુ લઈ દોડી આવેલ અને ચારેય મા બેન સામી ગાળો બોલી જાતિ વિરૂધ્ધ અપમાનજનક શબ્દો બોલી તમોને છોડવાના નથી તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ખેંચતાણ કરી હતી અને દિનેશભાઈએ બુમાબુમ કરતા પાડોશીઓ આવી પહોંચ્યા હતા.

જયારે સામી બાજુ રસુલભાઈ મન્સુરીએ પણ સાંજના સમયે દિનેશભાઈ આવી તેમના દિકરા રીયાઝને તેમના દિકરાને પિયુષ સાથે ન ફરવા જણાવી ધમકાવવા લાગેલ અને કહેવા લાગેલ કે તું મારા દિકરાને બગાડે છે. રીયાઝે જણાવેલ કે તે મારી પાસે આવે છે. જેથી દિનેશભાઈ ઉશ્કેરાઈ જઈ ફરીથી કોમી જેવું કરવું પડશે તેવું કહ્યું હતું આમ રસુલભાઈ જતા દિનેશભાઈએ તમે લોકો અહીંથી જતા રહો નહીતર તમારા ઘરબાર સળગાવી મારીશું તેમ ધમકી આપી ઘરે જતા રહ્યા હતા અને બાદમાં બંનેએ સામસામી ખેડબ્રહ્મા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદમાં માત્ર એક જ વર્ષની અંદર ઘણા કામ થશે

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં હાલના સમયમાં વધતી જતી વાહનોની સંખ્યાની સાથે ટ્રાફિકની ગીચતા રોજિંદી બની જવા પામી છે. જેને લઈને શહેરમાં પ્રદુષણની માત્રામાં પણ વધારો થઈ રહ્યો છે. જેની ગંભીરતાને ધ્યાનમાં લઈ શહેરમાં આગામી એક વર્ષની અંદર શ્રેણી બધ્ધ કાર્યો કરવામાં આવશે. વિશેષ અમદાવાદમાં એર ક્વોલિટી મોનીટરીગ સિસ્ટમ સ્થાપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ અંગે શહેરના મ્યુનિસિપલ કમિશનરે કોર્પોરેટરોને સંબોધતા કહ્યુંછે કે, વધતુ જતુંપ્રદુષણ સૌના માટે ચિંતાનો પ્રશ્ન છે. આ પરિસ્થિતિમાં કન્ટીન્યુઅન્સ એમ્બયન્સ એર ક્વોલિટી મોનીટરીગ સિસ્ટમને કાર્યરત કરવાથી ૨૪ કલાક ઓનલાઈન પ્રદુષણ વિશે જાણી શકાશે. ઉપરાંત શહેરમાં હાલ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા મણીનગરમાં સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. મણિનગરમાં જે ડેટા એકત્ર થાય છે તે સીધા દિલ્હી ખાતેની ઓફિસમાં રેકોર્ડ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ ૧૭દરમિયાન અમદાવાદમાં ત્રણ અલગ અલગ વિસ્તારોની પસંદગી કરી ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની સહાયતાથી એર ક્વોલિટી મોનીટરીંગ સ્થાપવામાં આવશે.

સાત સમિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોડી રાત્રે બે બસોમાં તોડફોડ કરીને આગ ચાંપી દેવામાં આવી હતી. આ અંગે સરથાણા પોલીસ સ્ટેશનમાં ૪૦થી ૫૦ લોકોના ટોળા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. છેલ્લા આઠેક મહિનાથી ચાલતા પાટીદાર અનામત આંદોલનને શાંત પાડવા સરકાર અને પાટીદારો વચ્ચે સમાધાનના પ્રયાસો શરૂ થયા છે. ત્યારે પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે સુરતની લાજપોર જેલમાં ગઈ કાલથી જ અન્નજળનો ત્યાગ કર્યો છે અને અનામત ન મળે તેમજ જેલમાં બંધ પાટીદારોને મુક્ત ન કરાય ત્યાં સુધી ઉપવાસ પર તે બેઠો હોવાનું જાણવા મળ્યું છે. જેલમાં બંધ હાર્દિક પટેલ ઉપવાસ પર બેસતા ગઈ કાલે સુરતના નાના વરાછા નજીક સીમાડા વિસ્તારમાં મોડી રાત્રે અમદાવાદ અને હિંમતનગરથી સુરત આવી રહેલી બે બસોને કેટલાંક અસામાજિક તત્વોએ અટકાવી હતી અને તોડફોડ કરી પેટ્રોલ છાંટી બસોને સળગાવી દીધી હતી. બસમાં તોડફોડ અને આગચંપીના બનાવની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ફાયરબિગ્રેડની ટીમ પણ દોડી જઈ આગને કાબુમાં લીધી હતી. આ ઘટના બનતાં જ સુરતમાં તંગદિલી છવાઈ ગઈ હતી.

મેઘરજના ઝરડા પ્રાથમિક શાળાની ધો-૨ની વિદ્યાર્થિનીનું મોત

ઈસરી, તા.૧૯

મેઘરજ તાલુકાના ઝરડા પ્રાથમિક શાળા નં.૧માં ધોરણ-૨માં અભ્યાસ કરતી સાત વર્ષીય વિદ્યાર્થીની વૈશાલીનું અચાનક ઝાડા ઉલ્ટી થતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. મેઘરજ તાલુકાના નવાઘરાં ગામના બામણીયા મહેન્દ્રભાઈ સુરજીભાઈની પુત્રી વૈશાલીબેન ઝરડા પ્રાથમિક શાળા નં.૧ ધોરણ-૨માં અભ્યાસ કરતી હતી જે તારીખ ૧૮ને ગુરૂવારના રોજ રાબેતા મુજબ શાળામાં અભ્યાસ અર્થે ગઈ હતી પરંતુ બપોરે ત્રણ વાગે વૈશાલીને અચાનક ચકકર આવ્યા હતા. જે દરમિયાન વૈશાલીને ઝાડા ઉલ્ટી ચાલુ થઈ ગયા હતા. જેની જાણ શાળાના શિક્ષક દ્વારા તાબડતોબ

વૈશાલીના વાલીને આ અંગે જાણ કરવામાં આવી હતી અને વૈશાલીની વધુ તબિયત લથડતાં વાલી દ્વારા આ વિદ્યાર્થીનીને મેઘરજની ખાનગી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જયાં હોસ્પિટલના હાજર તબીબે વૈશાલીને મૃત જાહેર કરતાં તેના પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી અને આ ઘટના અંગેની જાણ તાલુકા શિક્ષણ અધિકારીને કરવામાં આવી હતી અને આ વિદ્યાર્થીનીના મૃતદેહને પી.એમ. અર્થે સરકારી રેફરલ હોસ્પિટલ મેઘરજ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

હિંમતનગરમાં જિલ્લા કક્ષાની ઓપન સીઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

હિંમતનગર, તા.૧૯

ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન દ્વારા ચાલુ સાલે ૨૦૧૬ની સાબરકાંઠા જિલ્લા કક્ષાની ઓપન સીઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદઘાટન ગુજરાત ક્રિકેટ એસોસીએશનના માનદમંત્રી રાજેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટમાં જિલ્લાની કુલ ૧૮ ટીમો ભાગ લઈ રહી છે. સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન છેલ્લા ૧૦ વર્ષથી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના મેદાન ઉપર સ્કૂલ બોય તેમજ ઓપન કેટેગરીની સીઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે. ધી સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસો. સંચાલિત જિલ્લા કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, સાબરકાંઠા ક્રિકેટ એસોસીએશન માનદ મંત્રી સાવન દેસાઈ, એસો. પ્રમુખ કિરીટભાઈ શાહ, સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા ભાજપના મહામંત્રી હિરેનભાઈ ગોર, નગરપાલિકા હિંમતનગરના પ્રમુખ નિલાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસો.ના વિકાસમાં તમામ સહયોગ આપવાની ખાત્રી આપી હતી.

આ આયોજન માટે સાબરકાંઠા ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસો.ના સભ્યો વિમલભાઈ ઉપાધ્યાય, દેવાંગભાઈ શુકલા, વિમલ દેસાઈ તેમજ જિલ્લા ક્રિકેટ એસો. ચીફ કોચ ગણપત પ્રજાપતિએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. આ ટુર્નામેન્ટ એક મહિના સુધી ચાલશે.

સ્વાઈન ફલુ નવ વર્ષ સુધીના બાળકો માટે સૌથી ખતરનાક

અમદાવાદ, તા.૧૯

રાજયમાં ફેબ્રુઆરી મહિનો પુરો થવા આવ્યો તેમ છતાં રાજયમાં અમદાવાદ સહિતના શહેરોમાંથી સ્વાઈન ફલુ હજુ વિદાય લેવાનું નામ લેતો નથી. એવા સમયે સ્વાઈન ફલુ અંગે કરવામાં આવેલા એક એનાલિસીસમાં આ રોગ શૂન્યથી નવ વર્ષ સુધીના બાળકોને માટે ખતરનાક હોવાનું બહાર આવવા પામ્યું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ, રાજયમાં વર્ષ ૨૦૧૫માં બધુ મળીને જાન્યુઆરીથી એપ્રિલ મહિના સુધીના સમયગાળામાં બધુ મળીને કુલ ૬૫૬૧ કેસો નોંધાવા પામ્યા હતા. જે પૈકી વાઈરલ ટેસ્ટીંગ માટે લેવામાં આવેલા ૩૨૪૨ કેસોમાં ૬૯૫ જેટલા નવ વર્ષ સુધીના બાળકોનો સમાવેશ થાય છે. વર્ષ-૨૦૧૫માં અમદાવાદ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં કે જ્યાં એડવાન્સ ડાયોગ્નેશીસ લેબોરેટરી છે તેમાં સ્વાઈન ફળુના કેસો પૈકી ૩,૨૪૨ કેસો અંગે જુદા જુદા વચ્ચુથમાં પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. પૃથ્થકરણ બાગદ કેટલાક ચોંકાવનારા તથ્યો સો આપવા પામ્યા છે.સ્વાઈન ફલુએ હવા મારફત ઝડપથી પ્રસરતો રોગ છે. બી.જે.મેડીકલ કોલેજના માઈક્રો બાયોલોજીકલ વિભાગ દ્વારા ગત વર્ષ ૬,૧૯૭ જેટલા લોહીના નમૂનાથી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેપૈકી ૩,૨૪૨ એટલે કે પંચાવન ટકા જેટલા સેમ્પલ પોઝેટીવ આવ્યા હતા. આ ઉપરાંત એશિયાની સૌથી મોટી એવી અમદાવાદની સિવિલ હોસ્પિટલ દ્વારા ૧લી જાન્યુઆરીથી ૧૫મી માર્ચ ૧૫ સુધીના સમયગાળામાં જે લોહીના નમૂના લેવામાં આવ્યા હતા તેપૈકી ત્રેપન ટકા સેમ્પલ એચવન એનવન પોઝેટીવ જણાઈ આવ્યા હતા.

તબીબી સુત્રોના જણાવ્યા મુજબ, આ રોગ હવા દ્વારા ફેલાતો રોગ છે. ઉપરાંત તેના લક્ષણોમાં ૧૦૮ ટકા કિસ્સાઓમાં ભારે પ્રમાણમાં કફ નીકળવો અથવા જમા થતો હોવાનું તેમજ ૬૬ ટકા કિસ્સાઓમાં સતત તાવ આવવાના લક્ષણો જોવા મળતા હોય છે. ખાસ કરીને આ રોગ નાની વયના બાળકો માટે ખતરનાક પુરવાર થઈ રહ્યો છે.

સુપ્રીમનો ઈન્કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. મંગળવારના દિવસે આ યુનિવર્સિટીમાં એક રેલી કાઢવામાં આવી હતી જેમાં અફઝલ ગુરુની તરફેણમાં સુત્રોચ્ચાર કરાયા હતા. કન્હૈયા કુમારની ધરપકડ સામેના વિરોધમાં જેએનયુના સમકક્ષોએ દેખાવો કર્યા હતા. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી સ્ટુડન્ટ યુનિયનના લીડર કન્હૈયા કુમારને બીજી માર્ચ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં દિલ્હી કોર્ટે આદેશ કર્યો હતો. હાલમાં પટિયાલા હાઉસ કોર્ટની બહાર હાઈડ્રામાની સ્થિતિ સર્જાઈ હતી. વકીલોના એક ટોળાએ પત્રકારો ઉપર હુમલો કરી દીધો હતો. કન્હૈયા કુમારને પણ કોર્ટ સંકુલમાં માર મારવામાં આવ્યો હતો. કોર્ટ રૂમની બહાર વકીલો દ્વારા કન્હૈયા કુમાર સાથે પણ ધક્કામુક્કી કરી હતી. આ સમગ્ર ઘટનાક્રમને લઈને કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. દરમિયાન આજે કન્હૈયા કુમારની મુક્તિની માંગણીને લઈને જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. આજે સમગ્ર બિહાર રાજ્ય